# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-05-2026** **Evening : 7.10 to 7.20 pm**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

---

1) **પ્રાદેશિક આકાંક્ષાઓ, વૈશ્વિક મહત્વાકાંક્ષાઓ'ની નેમ સાથે સુરતમાં વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદનો શુભારંભ.**
2) **દક્ષિણ ગુજરાતમાં 8 નવી 'સ્માર્ટ GIDC' વસાહતો સ્થાપવાની જાહેરાત.**
3) **રાજ્યમાં આજે ગૌરવભેર ગુજરાતના સ્થાપના દિવસની ઉજવણી.**
4) **દેશમાં આજથી વાણિજ્યિક ગેસના ભાવ વધ્યા- ઘરેલુ LPGના ભાવ યથાવત.**
5) **સુરતના ચોર્યાસી ટોલ પ્લાઝા પર દેશની પ્રથમ બેરીયર લેસ ટોલ પ્રણાલી શરૂ.**
6) **રાજ્યકક્ષાની શૂટિંગ સ્પર્ધામાં અમરેલીની શાળાના ખેલાડીઓએ સાત ચંદ્રક જીત્યા.**

------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

## VGRC

પ્રાદેશિક આકાંક્ષાઓ, વૈશ્વિક મહત્વાકાંક્ષાઓ'ની નેમ સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સુરતમાં ત્રીજી વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદનો શુભારંભ કરાવતા 2047 સુધીમાં 'વિકસિત ભારત'ના વિઝનને સાકાર કરવામાં ગુજરાતની મુખ્ય ભૂમિકા પર ભાર મૂક્યો. તેમણે જણાવ્યું, વિકસિત ગુજરાત માટે પ્રાદેશિક પરિષદો યોગ્ય મંચ છે. શ્રી પટેલે સ્વતંત્રતાની શતાબ્દી સુધીમાં ભારતની કુલ નિકાસમાં 40 ટકા યોગદાન આપવાના રાજ્યના મહત્વાકાંક્ષી લક્ષ્યને રેખાંકિત કર્યું. આ કાર્યક્રમ દરમિયાન શ્રી પટેલે દક્ષિણ ગુજરાતમાં 8 નવી 'સ્માર્ટ **GIDC**' વસાહતો સ્થાપવાની જાહેરાત કરી હતી.

**(BYTE: BHUPENDRA PATEL CHIEF MINISTER)**

શ્રી પટેલે ઉદ્યોગપતિઓને ગુજરાતમાં રોકાણ કરવા આમંત્રણ પણ આપ્યું. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ રાજ્યના **GDP**માં દક્ષિણ ગુજરાતનું યોગદાન 2047 સુધીમાં 20 ટકા સુધી લઈ જવાના સરકારના લક્ષ્ય પર ભાર આપ્યો.

**(BYTE: HARSH SANGHVI, DEPUTY CHIEF MINISTER)**

કાર્યક્રમ દરમિયાન કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપસિંહ પુરીએ કહ્યું, વૈશ્વિક યુદ્ધ, પૂરવઠા સાંકળના સંકટ વચ્ચે પણ ભારત અડગ રહ્યું છે.

વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદના શુભારંભ પૂર્વે વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પ્રદર્શનનું પણ ઉદ્ઘાટન કરાયું હતું આ પ્રસંગે રાજ્યના ઔદ્યોગિક

વિકાસ, કૃષિ પ્રગતિ, હરિત ઉર્જા અને સેવા ક્ષેત્રના સર્વાંગી વિકાસને પ્રતિબિંબિત કરતું વિશાળ પ્રદર્શન ખુલ્લું મુકાયું હતું.

# SURAT – VGRC DISSCUSION

સુરતમાં યોજાઇ રહેલ વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ અંતર્ગત ધ નેક્સ્ટ એરા ઓફ ન્યુક્લિયર એનર્જી વિષયક પેનલ ચર્ચા યોજાઈ હતી. જેમાં નિષ્ણાંતો દ્વારા ન્યુક્લિયર એનર્જી મિશન,**SHANTI** એક્ટ અને

ભારત તેની કુલ વીજ ઉત્પાદન ક્ષમતા માંથી લગભગ **3** ટકા યોગદાન આપતી પરમાણુ ઊર્જાને **2047** સુધીમાં **100** ગીગાવોટ સુધી વિસ્તૃત કરવાનો લક્ષ્ય ધરાવે છે, તે વિષય પર ચર્ચા કરવામાં આવી હતી. નિષ્ણાંતો એ કહ્યું કે, ગુજરાતનું યોગદાન પણ નોંધપાત્ર છે. કાકરાપાર ખાતે **700** મેગાવોટના સ્વદેશી રિએક્ટર્સ કાર્યરત થઈ ચૂક્યા છે, જ્યારે નવા પ્લાન્ટ માટે સંભવિત સ્થળોની ઓળખ પ્રક્રિયા ચાલુ છે.

આ ઉપરાંત ખાતર ક્ષેત્રમાં આયાતના વિકલ્પ દ્વારા આત્મનિર્ભરતા હાંસલ કરવાની વ્યૂહરચના” વિષે પણ પેનલ ચર્ચા યોજાઇ હતી , ભારતના ખાતર ક્ષેત્ર સામે રહેલા આયાત આધારિત પડકારો વિષે ચર્ચા કરતાં નિષ્ણાંતોએ જણાવ્યું કે દેશને ખાતર ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવા માટે યુરિયા, ડીએપી અને કોમ્પ્લેક્સ ખાતરના સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવું પડશે , સાથે જ નેનો યુરિયા, ઓર્ગેનિક ખાતર અને બાયો ફર્ટિલાઇઝર્સ જેવા વિકલ્પોને પ્રોત્સાહન આપવાથી આયાત ખર્ચ ઘટાડવામાં મદદ મળશે તેવું જણાવવામાં આવ્યું હતું.

## GUJARAT STHAPNA

સમગ્ર રાજ્યના લોકો આજે ગૌરવભેર ગુજરાતનો 66મો સ્થાપના દિવસ ઉજવી રહ્યા છે. સુરતના આંગણે ગુજરાતના સ્થાપના દિવસની ‘ગુજરાત ગૌરવ દિન’ના રૂપમાં રાજ્યકક્ષાની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. જેમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સહિતના મહાનુભાવો સહભાગી થયા છે.

ગુજરાત વર્ષોથી સંસ્કાર, સંસ્કૃતિ, સમૃદ્ધિ અને વિકાસની ભૂમિ રહી છે. પહેલી મે, **1960**ના રોજ બૃહદ મુંબઈથી અલગ થયેલું ગુજરાત આજે માત્ર ભારતનું એક રાજ્ય નથી, પરંતુ વિશ્વના નકશા પર ‘મોડેલ ઓફ ડેવલપમેન્ટ સ્ટેટ’ બનીને ઉભર્યું છે. ત્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ સ્થાપના દિવસની શુભેચ્છા પાઠવી.

# LPG PRICE

દેશમાં આજથી વાણિજ્યિક ગેસના ભાવ વધ્યા છે. 19 કિલોગ્રામના વાણિજ્યિક LPG સિલિન્ડરના ભાવમાં 993 રૂપિયાનો વધારો કરાયો છે. જોકે, ઘરેલુ LPG સિલિન્ડરના ભાવ યથાવત રહેશે. ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડે જણાવ્યું છે કે સામાન્ય લોકો માટે પેટ્રોલ અને ડીઝલના છૂટક ભાવ યથાવત છે. કંપનીએ ઉમેર્યું હતું કે 33 કરોડ ગ્રાહકો માટે 14.2 કિલોગ્રામના ઘરેલુ LPG સિલિન્ડરના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. તેણે એમ પણ કહ્યું કે, સુનિશ્ચિત કામગીરીમાં રોકાયેલા સ્થાનિક એરલાઇન્સ માટે ઉડ્ડયન ટર્બાઇન ઇંધણના ભાવમાં તેમજ PDS કેરોસીનના ભાવમાં પણ કોઈ ફેરફાર કરાયો નથી.

## NEW TOLL SYSTEM

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નિતિન ગડકરીએ રાષ્ટ્રીય ધોરીમાર્ગ નંબર 48 ના સુરત-ભરૂચ સેક્શન પર ચોર્યાસી ટોલ પ્લાઝા ખાતે દેશની પ્રથમ મલ્ટી-લેન ફ્રી ફ્લો બેરિયર-લેસ ટોલિંગ સિસ્ટમ શરૂ પ્રણાલી  કરી છે. આ અત્યાધુનિક પ્રણાલી ઓટોમેટિક નંબર પ્લેટ રેકગ્નિશન અને **FASTag** જેવી અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરીને વાહનોને રોક્યા વિના ટોલ વસૂલી શકાશે.

આ પ્રણાલીથી મુસાફરીના સમયમાં નોંધપાત્ર ઘટાડો, ધોરીમાર્ગ પર ભીડમાં ઘટાડો, ઇંધણ કાર્યક્ષમતામાં સુધારો, વાહનોના ઉત્સર્જનમાં ઘટાડો અને ટોલ કામગીરીમાં માનવીય હસ્તક્ષેપ ઓછો થશે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

DESK

# SCHOOL DROP OUT

પ્રગતિના પ્રવેશોત્સવ સાથે શાળા બહારના બાળકોને ફરી શાળા પ્રવેશ કરાવવા તમામ જિલ્લા શિક્ષણાધિકારી, પ્રાથમિક શિક્ષણાધિકારી તથા આચાર્યોને નિર્દેશ અપાયો છે. કમિશનરશ્રી શાળાઓની કચેરી દ્વારા પાઠવાયેલા પત્રમાં ડ્રોપ આઉટ થયેલા વિદ્યાર્થીઓ ને 31 મે સુધી શાળામાં પ્રવેશ કરાવવા આદેશ અપાયો છે.  જેમાં વિદ્યાર્થીઓના વાલીઓ સાથે પણ મુલાકાત કરવા જણાવાયું છે. આ અંગે ડ્રોપ આઉટ થયેલા વિદ્યાર્થીઓની યાદી પણ સંબંધિત અધિકારીઓને સોંપવામાં આવી છે.

# PAVAGADH – WORLD RECORD

રાજ્યના સુપ્રસિદ્ધ તીર્થધામ પાવાગઢમાં એક નવો વિશ્વ વિક્રમ સર્જાયો છે. 76 દિવસમાં 24 કરોડ નવાર્ણ મંત્ર પૂર્ણ થતાં આ રેકોર્ડ સર્જાયો છે. સાંભળીએ એક અહેવાલ

(VOICE CAST: VIPUL PUROHIT)

## AMBAJI – VAISHAKHI POONAM

શક્તિપીઠ અંબાજી ખાતે વૈશાખી પૂનમ નિમિતે જય અંબેના નાદ સાથે ભક્તોનું ઘોડાપૂર ઉમટી પડ્યું હતું. આસપાસના વિસ્તારમાંથી વનવાસી ભાઈઓ બહેનો પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ થઈ વાજિંત્રોના નાદ સાથે માતાજીના દર્શને આવી શ્રીફળ અને સુખડીનો પ્રસાદ ધરાવ્યો હતો. આ વિષે વધુ માહિતી આપે છે અંબાજી મંદિરના મુખ્ય પૂજારી

**(BYTE : DEVANGBHAI BHATT CHIEF PRIEST AMBAJI TEMPLE)**

# SHOOTING COMPETITION

અમરેલીના શાંતાબા ગજેરા કેમ્પસના ખેલાડીઓએ રાજ્યકક્ષાની શૂટિંગ સ્પર્ધામાં શાનદાર પ્રદર્શન કરીને સંસ્થા અને જિલ્લાનું નામ રોશન કર્યું છે. આ ખેલાડીઓએ સાત ચંદ્રક જીત્યા છે. સ્પર્ધામાં આકાશ રાજપરા, સૃષ્ટિ બાંભણીયા અને રાજેશ બાંભણીયાએ પોતાની-પોતાની કેટેગરીમાં સુવર્ણ ચંદ્રક જીત્યા જ્યારે ખુશાલી વાઘેલા, ગુંજલ તાવીયા અને યુગ વેકરીયાએ રજત ચંદ્રક પ્રાપ્ત કર્યા હતા. ઉપરાંત રીના તાવીયાએ કાંસ્ય ચંદ્રક મેળવી મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. આ પ્રતિષ્ઠિત સ્પર્ધામાં 6 વિવિધ જિલ્લા સ્તરની રમતગમત શાળાઓમાંથી આશરે 140 જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

# LABOUR DAY

**વિશ્વભરમાં આજે શ્રમિકોના સન્માનમાં આંતરરાષ્ટ્રીય શ્રમ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. આજના દિવસે આર્થિક અને સામાજિક અધિકારો પ્રાપ્ત કરવામાં શ્રમિકોએ આપેલ યોગદાનને યાદ કરવામાં આવે છે. વર્ષ 1889 માં યુરોપના સમાજવાદી પક્ષોએ પહેલી મે ને આંતરરાષ્ટ્રીય મજૂર દિવસ તરીકે ઉજવવાનું નક્કી કર્યું હતું.**

**રાજ્ય સરકારની મધ્યસ્થી અને સમજાવટના પરિણામે વિવિધ ઉદ્યોગ-એકમો દ્વારા શ્રમિકોને લઘુત્તમ વેતન અને બોનસની રેકોર્ડબ્રેક ચૂકવણી કરવામાં આવી છે. જેમાં 2025 ના વર્ષ દરમિયાન કુલ 1 હજાર 232 સંસ્થાઓના 7 હજાર 655 શ્રમયોગીઓને 11 કરોડ 13 લાખ રૂપિયા થી વધુની રકમ વેતન તફાવત તરીકે ચૂકવવામાં આવી છે.તો શ્રમયોગીઓની નોંધણી માટે વર્ષ 2021 થી ઈ-શ્રમ પોર્ટલ શરૂ કરવામાં આવ્યું છે. આ પોર્ટલ પર 2025 ના વર્ષમાં રાજ્યમાં કુલ 4 લાખથી વધુ અસંગઠિત શ્રમયોગીઓની નોંધણી કરવામાં આવી છે.**

# BUDDHA PURNIMA

આજે બુદ્ધ પૂર્ણિમા ઉજવવામાં આવી રહી છે. આ દિવસ ફક્ત ગૌતમ બુદ્ધનો જન્મ જ નહીં, પરંતુ બિહારના બોધગયા ખાતે મહાબોધિ વૃક્ષ નીચે તેમણે નિર્વાણ પ્રાપ્ત કર્યું તે દિવસ પણ છે.

આ દિવસને વિશ્વભરના બૌદ્ધ અને હિન્દુઓ દ્વારા ઉજવવામાં આવે છે, અને ભારત, નેપાળ, ભૂતાન, બર્મા, થાઇલેન્ડ, તિબેટ, કોરિયા, લાઓસ, વિયેતનામ, મંગોલિયા, કંબોડિયા, સિંગાપોર, ઇન્ડોનેશિયા અને શ્રીલંકા જેવા દેશોમાં એક મુખ્ય તહેવાર તરીકે ઉજવવામાં આવે છે.

## BHAVNAGAR – RAIL WAY

પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ દ્વારા સઘન ટિકિટ તપાસ અભિયાનમાં નોંધપાત્ર સફળતા મળી છે. એપ્રિલ માસમાં 91 લાખ 32 હજાર રૂપિયાની આવક થઈ છે. જે છેલ્લા બે વર્ષમાં એક મહિનામાં ટિકિટ તપાસથી પ્રાપ્ત થયેલી આ સર્વોચ્ચ આવક છે. આ દરમિયાન કુલ 11 હજાર 943 મુસાફરો અનિયમિત મુસાફરી કરતા ઝડપાયા, જેમાંથી 5 હજાર 283 મુસાફરો ટિકિટ વિના મુસાફરી કરતા મળ્યા.

વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક અતુલ કુમાર ત્રિપાઠીએ મુસાફરોને અપીલ કરી કે તેઓ માન્ય ટિકિટ સાથે જ મુસાફરી કરે અને રેલવેના નિયમોનું પાલન કરે.

# WEATHER

આગામી બે દિવસ સુધી તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય. ત્યારબાદ તાપમાનમાં 2 થી 3 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થઈ શકે છે. જેના કારણે રાજ્યમાં નાગરિકોને ગરમીમાંથી થોડી રાહત મળી શકે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આ મહિનામાં તાપમાન સામાન્ય કરતાં વધુ રહેશે. બીજી તરફ આજે રાજ્યના 7 શહેરમાં તાપમાન 40 ડિગ્રીને પાર થયું છે. જેમાં 42.4 ડિગ્રી સાથે રાજકોટ સૌથી ગરમ શહેર બન્યું છે. અમદાવાદમાં મહત્તમ તાપમાન 41.7 ડિગ્રી સુધી રહ્યું.

# SHREE VAJPEYI BANKEBLE YOJNA

તાપીના આદિવાસી યુવકે શ્રી વાજપેયી બેંકેબલ યોજના થકી લોન મેળવી પેવર બ્લોક ઉધ્યોગ થકી પગભર થવાની સાથે આસપાસના ગામના અન્ય 10 જેટલા યુવકોને રોજગારી આપી પગભર કર્યાં છે. સોનગઢ તાલુકાના હનુમન્તિયા ગામના આદિવાસી યુવકે પોતાની સૂઝબૂઝ થી કંઈક અલગ કરવાની નેમ સાથે પેવર બ્લોક નો ધંધો કરવાનું વિચાર્યું, પ્રાથમિક માહિતી એકત્રિત કરી રૂપિયાની માંગને પહોંચી વળવા માટે તાપી જિલ્લા ઉદ્યોગ કેન્દ્રનો સંપર્ક સાધ્યો અને તેનું બિઝનેસમેન બનવાનું સપનું લગભગ સરકારની શ્રી બાજપાઈ બેંકેબલ યોજના થકી પૂર્ણ થયું.